## અરજી પહોંચ

મેલ્કતનું વર્ણન રે.સ.ન:. 29/1 પ્લોટ નં. 17/પૈકી વોર્ડ નં. 15 શિવમ

Search in : JAMNAGAR - 1 (NAGAR SIM R.S. NO. 1 TO 1500../JAMNAGAR - 1 (NAGAR SIM R.S. NO. 1 TO 1500..

પહોંચ નંબર: ૨૦૧૭૦૧૦૦૦૯૨૬૪ અરજી નંબર: ૪૧૫૦ અરજી વર્ષ: ૨૦૧૭

તા: ૨૪ માહે: ઓગસ્ટ સને: ૨૦૧૭

રજુ કરનારનું નામ **દીલીપ જી.ભોજાણી એડવોકેટ**

નીચે પ્રમાણે ફી પહોંચી

| | રૂ. | પૈસા |
|---|---|---|
| રજીસ્ટ્રેશન ફી | | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો | | ૦ |
| શેરોની નકલ કરવા માટે ફી | | |
| ટપાલ ખર્ચ | | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ) | | ૦ |
| શોધ અગર તપાસણી Year : ૨૦૦૫ ૨૦૧૭ | | ૭૫ |
| દંડ કલમ-૨૫ | | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ) | | |
| નકલ ફી ફોલીયો | | ૦ |
| ઈન્ડેક્ષ-૨ ફી | | |
| આ સિવાયની બાબતોની ફી | | |

| | |
|---|---|
| કુલ એકંદરે રૂ. | ૭૫ |

અંકે રૂપીયાપંચોતેર પુરા.

દસ્તાવેજ ------------- ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં
નકલ ------------------------------ કચેરીમાં આપવામાં આવશે.

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

( R. G. Rathod )
સબ રજીસ્ટ્રાર
જામનગર - 2-WST

# DILIP G. BHOJANI

B Com., L L.B., D. L L.P. (Advocate)

'Krishna', Opp. Haria School, Indira Marg, Jamngar. (Ph. 2711755)

DILIP G. BHOJANI ADVOCATE

તા. ૨/૮/૧૯

## ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ અને સર્ચ રીપોર્ટ

વિષય : શહેર જામનગરમાં, કૃષ્ણનગર વિસ્તારમાં આવેલ રે. સ. નં. ૨૯/૧ વાળી જમીન રહેણાંક હેતુ માટે બીનખેતીમાં ફેરવવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૧૭/પૈકી પાર્ટ–એ તથા ૧૭/પૈકી પાર્ટ–બી વાળી જગ્યા જેનું જામનગર મહાનગર સેવા સદનમાં એમલગેશન કરતા આખરી પ્લોટ નં. ૧૭/પૈકી વાળી જગ્યા, જે સીટી સર્વે કચેરીમાં વોર્ડ નં. ૧૫ માં શીટ નં. ૩૪૪ માં સીટી સર્વે નં. ૬૦૧૧ માં નોંધાયેલ છે અને તે મુજબ તેનું ક્ષેત્રફળ ૨૭૯.૦૭ ચો. મી. થાય છે. જેમાં જામનગર મહાનગર પાલિકામાંથી વિકાસ કાર્યની મંજુરી મેળવીને તેમાં "શિવમ" નામનું બિલ્ડીંગ બનાવવામાં આવી રહેલ છે તે સમગ્ર જગ્યા **હંસાબેન જેરાજભાઈ ઘેટીયા** W/o, **બાલકૃષ્ણ વિરજીભાઈ બાથાણી** ની માલિકીની છે જેમણે મિલકતના ટાઈટલ તપાસી અભિપ્રાય આપવા જણાવેલ છે.

<u>મિલકતનાં હાલનાં માલિક</u> :

**હંસાબેન જેરાજભાઈ ઘેટીયા**

W/o, **બાલકૃષ્ણ વિરજીભાઈ બાથાણી**

ઉ.વ.આ. ૫૩, ધંધો-બાંધકામ,

ઠે. રોનક રેસીડેન્સી, વાલકેશ્વરીનગરી,

પ્લોટ નં. ૩૫, ફેસ-૨, જામનગર.

<u>'શિવમ' બિલ્ડીંગની વિગત</u> :

શ્રી ગુજરાત રાજયના ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ જામનગરના, શહેર જામનગરમાં, કૃષ્ણનગર વિસ્તારમાં આવેલ રે. સ. નં. ૨૯/૧, એકર ૩-૨૭ ગુંઠા વાળી જમીન રહેણાંક હેતુ માટે બીનખેતીમાં ફેરવવાની કાર્યવાહી થતાં ડેપ્યુટી કલેકટરશ્રી, જામનગર ના હુકમ નં. ડીસી-જે-બીનખેતી-રજી-૪૪-૧૯૬૩ તા. ૧/૧૨/૬૪ ના રોજ ના હુકમ થી રહેણાંકના હેતુ માટે બીનખેતી ઉપયોગની પરવાનગી આપેલ, અને બીનખેતીના લે-આઉટ પ્લાન મંજુર કરેલ છે. જે સમગ્ર જગ્યા ટી. પી. સ્કીમ નં. ૨ ના ફાઈનલ પ્લોટ નં. ૮૮ માં સમાવિષ્ટ થાય છે.

ઉપરોકત બીનખેતી થયેલ પ્લોટો પૈકી પ્લોટ નં. **૧૭/પૈકી પાર્ટ–એ તથા ૧૭/પૈકી પાર્ટ–બી** જેનું એમલગેશન જામનગર મહાનગર સેવા સદન ના હુકમ નં. જેએમસી/ટીપી/બી/વો.વ/સબ ડીવી સબ પ્લોટ/૩૧૧૬/૨૦૧૪ તા. ૨૦/૯/૨૦૧૪ ના રોજ થી પ્લાન મંજુર કરતા આખરી પ્લોટ નં. **૧૭/પૈકી** વાળી જગ્યા જેનું ક્ષેત્રફળ **૨૭૮.૭૦** ચો. મી. થાય છે. જે સીટી સર્વે કચેરીમાં વોર્ડ નં. **૧૫** માં શીટ નં. **૩૪૪** માં સીટી સર્વે નં. **૬૦૧૧** માં નોંધાયેલ છે અને તે મુજબ તેનું ક્ષેત્રફળ **૨૭૯.૦૭** ચો. મી. થાય છે.

જેમાં જામનગર મહાનગર પાલિકામાંથી વિકાસ કાર્યની મંજુરી નં. ૦૨૮૬૪૮ તા. ૧૬/૯/૧૪ ના રોજથી મેળવીને તેમાં **"શિવમ"** નામનું બિલ્ડીંગ બનાવવામાં આવી રહયુ છે.

<u>સમગ્ર જગ્યાની હદદીશા</u> :

| | | |
|---|---|---|
| પુર્વે | : | રે. સ. નં. ૨૯/૨ વાળી જગ્યા આવેલ છે. |
| પશ્ચિમે | : | ૯.૧૪ મીટર પહોળો રોડ આવેલ છે. |
| ઉતરે | : | પ્લોટ નં. ૧૮ આવેલ છે. |
| દક્ષિણે | : | પ્લોટ નં. ૧૭ પૈકીની અન્યની માલિકીની જગ્યા આવેલ છે. |

DILIP G. BHOJANI ADVOCATE

ઉપરોકત જગ્યામાં બાંધવામાં આવેલ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં પાર્કીંગ તથા ફર્સ્ટ ફ્લોર પર ફ્લેટ નં. ૧૦૧, ૧૦૨ તથા ૧૦૩ એમ કુલ ત્રણ(૩) ફ્લેટ એ રીતે ફર્સ્ટ થી ફીફથ ફ્લોર એમ પાંચ(૫) ફ્લોરના કુલ ૧૫ ફ્લેટોનું બિલ્ડીંગ બનાવવાનું કામ હાથ ઘરવામાં આવેલ છે તે ફ્લેટો હંસાબેન જેરાજભાઈ ઘેટીયા W/o, બાલકૃષ્ણ વિરજીભાઈ બાથાણી ની માલિકીના છે તેના ટાઈટલ તપાસવા જણાવેલ છે.

સદરહુ ફ્લેટો વાળી જગ્યા સબંધે અમોએ સબ-રજીસ્ટ્રાર કચેરી જામનગરના દફતરે સને ૨૦૦૫ થી ૨૦૧૭ એમ છેલ્લા ૧૩ વર્ષની શોધ કરેલ છે અને શોધ ફી રૂા. ૭૫/- ભરી પહોંચ નં. ૨૦૧૭૦૧૦૦૦૯૨૬૪ તા. ૨૪/૮/૨૦૧૭ ની પહોંચ મેળવેલ છે તેમજ સદરહુ મિલકત અંગેના દસ્તાવેજો અમારા અસીલ તરફથી રજુ થયેલ ફાઈલમાં રહેલ દસ્તાવેજોની નકલો અને અન્ય કાગળોની ચકાસણી કરતાં સદરહુ મિલકત કોઈ પણ પ્રકારના બોજામાંથી મુકત હોવાનું ફલીત થાય છે.

ઉપરોકત મિલકતનો જેમાં સમાવેશ થઈ જાય છે તે પ્લોટ વાળી આખી જમીન ખેતીની જમીન તરીકે ખાતેદાર રાજગર ઘેલા નાનજી ના નામથી રેવન્યુ રેકર્ડમાં આવેલ, જેની નોંધ ગામના નમુના નં. ૬ માં નોંધ નં. ૧૦૮ થી કરવામાં આવેલ છે.

DILIP G. BHOJANI ADVOCATE

ત્યારબાદ રાજગર ઘેલા નાનજીભાઈ નું અવશાન થતાં સદરહુ જમીન તેઓના વારસદારો રાજગર શાંતિલાલ ઘેલાભાઈ, ગૌરીશંકર ઘેલાભાઈ, ચંદ્રકાન્ત ઘેલાભાઈ તથા પ્રવિણચંદ્ર ઘેલાભાઈ ને વારસાઈ થી પ્રાપ્ત થયેલ જેની નોંધ ગામના નમુના નં. ૬ માં નોંધ નં. ૧૩૬૦ તા. ૨૦/૪/૫૮ ના રોજ કરવામાં આવેલ છે.

ત્યારબાદ ભણશારી લક્ષ્મણ ભીમજી એ રાજગર ઘેલા નાનજીભાઈના પુત્રો રાજગર શાંતિલાલ ઘેલાભાઈ જાતે તથા સગીર ગૌરીશંકર ઘેલાભાઈ, ચંદ્રકાન્ત ઘેલાભાઈ તથા પ્રવિણચંદ્ર ઘેલાભાઈ ના વાલી દરજ્જે પાસેથી સદરહુ જમીન રજી. વેચાણ ફારકતી નં. ૬૫૫ તા. ૨૩/૫/૧૯૫૬ ના રોજ વેચાણ રાખેલ જેની નોંધ ગામના નમુના નં. ૬ માં નોંધ નં. ૧૩૬૧ તા. ૨૦/૪/૫૮ ના રોજ કરવામાં આવેલ છે.

ત્યારબાદ રાજયગોર શાંતિલાલ ઘેલાભાઈ એ ભાનુશાળી લક્ષ્મણ ભીમજી પાસેથી રે. સ. નં. ૨૯ પૈકી વીઘા ૯–૦૭ ગુંઠા જમીન રજી. વેચાણ ફારકતી નં. ૪૦૬ તા. ૨૭/૨/૧૯૬૩ ના રોજ વેચાણ રાખેલ જેની નોંધ ગામના નમુના નં. ૬ માં નોંધ નં. ૨૧૭૭ તા. ૭/૩/૬૩ ના રોજ કરવામાં આવેલ છે.

ત્યારબાદ ડીસ્ટ્રીકટ ઈન્સપેકટર ઓફ લેન્ડ રેકર્ડ જામનગરે કમી જાસ્તી પત્રકથી રે. સ. નં. ૨૯ ના અલગ–અલગ રે. સ. નં. ૨૯/૧, ૨૯/૨, ૨૯/૩ તથા ૨૯/૪ એમ ચાર પોત પાડવામાં આવેલ અને તે મુજબ રે. સ. નં. ૨૯/૧ જેનું ક્ષેત્રફળ એકર ૩–૨૭ ગુંઠા કાયમ કરવામાં આવેલ જેની નોંધ ગામના નમુના નં. ૬ માં નોંધ નં. ૨૩૭૪ તા. ૧૦/૧૦/૬૩ ના રોજ કરવામાં આવેલ છે.



Bhojani

# DILIP G. BHOJANI

B Com., L L.B., D. L L.P. (Advocate)

'Krishna', Opp. Haria School, Indira Marg, Jamngar. (Ph. 2711755)

ત્યારબાદ સદરહુ રે. સ. નં. ૨૯/૧ વાળી એકર ૩-૨૭ ગુંઠા વાળી જમીન રહેણાંકના હેતુ માટે શાંતિલાલ ઘેલાભાઈ એ બિનખેતી ઉપયોગમાં ફેરવવાની કાર્યવાહી કરતાં ડેપ્યુટી કલેકટરશ્રી, ડેપ્યુટી કલેકટર ઓફીસ, જામનગરે તેઓના હુકમ નં. ડીસી-જે-બીનખેતી-રજી-૪૪-૧૯૬૩ તા. ૧/૧૨/૬૪ ના રોજના હુકમથી લે-આઉટ પ્લાન મંજુર કરેલ અને બીનખેતી ઉપયોગની પરવાનગી આપેલ તેમજ કલમ ૪૮ મુજબ તેની સનદ ઈસ્યુ કરવામાં આવેલ જેની નોંધ ગામના નમુના નં. ૬ માં નોંધ નં. ૩૫૨૧ તા. ૨૯/૫/૭૨ ના રોજ કરવામાં આવેલ.

ત્યારબાદ સરલા જશવંતરાય એ રાજયગોર શાંતિલાલ ઘેલાભાઈ પાસેથી બીનખેતી થયેલ પ્લોટ નં. ૧૭ વાળી જગ્યા રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૨૨૩ તા. ૨૨/૬/૧૯૬૭ ના રોજ વેચાણ રાખેલ જેની નોંધ ગામના નમુના નં. ૬ માં નોંધ નં. ૩૫૨૬ તા. ૨૯/૫/૭૨ ના રોજ કરવામાં આવેલ.

ત્યારબાદ બાલકૃષ્ણ ગોરધનદાસ શાસ્ત્રી તથા પ્રાણવલભ ગોરધનદાસ શાસ્ત્રી એ સરલા જશવંતરાય પાસેથી પ્લોટ નં. ૧૭ પૈકી વાળી જગ્યા રજી. વેચાણ દસ્તાવેજ નં. ૬૮૮ તા. ૨૨/૩/૧૯૭૨ ના રોજ વેચાણ રાખેલ.

# DILIP G. BHOJANI

B Com., L L.B., D. L L.P. (Advocate)

'Krishna', Opp. Haria School, Indira Marg, Jamngar. (Ph. 2711755)

ત્યારબાદ સદરહુ બિનખેતી થયેલ પ્લોટ ની સીટી સર્વે કચેરી દ્વારા હકકચોકસી કરવાની કાર્યવાહી થતાં બાલકૃષ્ણ ગોરધનદાસ શાસ્ત્રી તથા પ્રાણવલ્લભ ગોરધનદાસ શાસ્ત્રી ને પ્લોટ નં. ૧૭ પૈકી ના સંયુકત ધારણકર્તા ઠરાવેલ અને પ્લોટ નં. ૧૭ પૈકી ને શીટ નં. ૩૪૪ સીટી સર્વે નં. ૬૦૧૧ નું નવુંરૂપ આપેલ તેમજ સદરહુ પ્લોટનું ક્ષેત્રફળ ૨૭૯.૦૭ ચો. મી. કાયમ કરી બાલકૃષ્ણ ગોરધનદાસ શાસ્ત્રી તથા પ્રાણવલ્લભ ગોરધનદાસ શાસ્ત્રી ના સંયુકત નામના સીટી સર્વે ટેન્યોર-સી ના નકશાનો ઉતારો ઈસ્યુ કરેલ જેની નોંધ સીટી સર્વે કચેરીના પ્રોપર્ટી કાર્ડમાં કરવામાં આવેલ.

ત્યારબાદ બાલકૃષ્ણ ગોરધનદાસ શાસ્ત્રી તથા પ્રાણવલ્લભ ગોરધનદાસ શાસ્ત્રી વચ્ચે પ્લોટ નં. ૧૭ પૈકીની જગ્યા ની રજી. વહેંચણ ફારકતી (પાર્ટીશન ડીડ) નં. ૨૨૪૯ તા. ૨૮/૬/૧૯૮૪ ના રોજ થી વહેંચણી કરવામાં આવેલ અને તે મુજબ બાલકૃષ્ણ ગોરધનદાસ શાસ્ત્રી ના હિસ્સે પાર્ટ-એ વાળી જગ્યા જેનું ક્ષેત્રફળ ૧૦૨. ૨૭ ચો. મી. તથા પ્રાણવલ્લભ ગોરધનદાસ શાસ્ત્રી ના હિસ્સે પાર્ટ-બી વાળી જગ્યા જેનું ક્ષેત્રફળ ૧૭૬.૪૩ ચો. મી. આવેલ જેની નોંધ સીટી સર્વે કચેરીના પ્રોપર્ટીકાર્ડમાં કરવામાં આવેલ.

ત્યારબાદ કેશવજી મનજી ભંડેરી એ બાલકૃષ્ણ ગોરધનદાસ શાસ્ત્રી પાસેથી પ્લોટ નં. ૧૭ પૈકી પાર્ટ - એ વાળી જગ્યા રજી. વેચાણ દસ્તાવેજ નં. ૪૫૮૭ તા. ૧૯/૧૨/૧૯૮૯ ના રોજ વેચાણ રાખેલ જેની નોંધ સીટી સર્વે કચેરીના પ્રોપર્ટીકાર્ડમાં કરવામાં આવેલ.

# DILIP G. BHOJANI

B Com., L L.B., D. L L.P. (Advocate)

'Krishna', Opp. Haria School, Indira Marg, Jamngar. (Ph. 2711755)

DILIP G. BHOJANI ADVOCATE

ત્યારબાદ દવુભાઈ બાબુભાઈ રાવલીયા એ કેશવજીભાઈ મનજીભાઈ ભંડેરી પાસેથી પ્લોટ નં. ૧૭ પૈકી પાર્ટ – એ વાળી જગ્યા રજી. વેચાણ દસ્તાવેજ નં. ૩૪૦૯ તા. ૬/૫/૨૦૧૪ ના રોજ વેચાણ રાખેલ જેની નોંધ સીટી સર્વે કચેરીના પ્રોપર્ટીકાર્ડમાં કરવામાં આવેલ.

તેમજ દવુભાઈ બાબુભાઈ રાવલીયા એ પ્રાણવલ્લભ ગોરધનદાસ શાસ્ત્રી પાસેથી પ્લોટ નં. ૧૭ પૈકી પાર્ટ – બી વાળી જગ્યા રજી. વેચાણ દસ્તાવેજ નં. ૩૩૩૧ તા. ૩/૫/૨૦૧૪ ના રોજ વેચાણ રાખેલ જેની નોંધ સીટી સર્વે કચેરીના પ્રોપર્ટીકાર્ડમાં કરવામાં આવેલ.

ત્યારબાદ દવુભાઈ બાબુભાઈ રાવલીયા એ સદરહુ પ્લોટ નં. ૧૭ પૈકી પાર્ટ–એ તથા ૧૭ પૈકી પાર્ટ–બી વાળી જગ્યાનું એમલગેશન કરવાની કાર્યવાહી કરતાં જામનગર મહાનગર સેવા સદને તેઓના હુકમ નં. જેએમસી/ટીપી/બી/વો.વ/સબ ડીવી સબ પ્લોટ/૩૧૧૬ તા. ૨૦/૯/૧૪ રોજના હુકમથી સદરહુ પ્લોટોનું એમલગમેશન મંજુર કરેલ, અને પ્લોટ નં. ૧૭ પૈકી નું નવું રૂપ આપેલ, તેમજ સદરહુ એમલગેટેડ પ્લોટ નં. ૧૭ પૈકી નું ચો. મી. ૨૭૮.૭૦ નું ક્ષેત્રફળ કાયમ કરેલ, અને એમલગમેશનના લે–આઉટ પ્લાન મંજુર કરેલ.

ત્યારબાદ દવુભાઈ બાબુભાઈ રાવલીયાએ સદરહુ પ્લોટ નં. ૧૭ પૈકી વાળી જગ્યામાં બાંધકામ કરવાની વિકાસ કાર્યની મંજુરી ની કાર્યવાહી કરતાં મહાનગર પાલિકા જામનગરે અનુ. નં. ૦૨૮૬૪૮ તા. ૧૬/૯/૧૪ ના રોજની વિકાસ કાર્યની મંજુરી આપેલ અને બાંધકામના લે–આઉટ મંજુર કરેલ.

# DILIP G. BHOJANI

B Com., L L.B., D. L L.P. (Advocate)

'Krishna', Opp. Haria School, Indira Marg, Jamngar. (Ph. 2711755)

ત્યારબાદ હંસાબેન જેરાજભાઈ ઘેટીયા W/o, બાલકૃષ્ણ વિરજીભાઈ બાથાણી એ પ્લોટ નં. ૧૭ પૈકી વાળી જગ્યા બાંધકામની મંજુરીના હકક સાથે દવુભાઈ બાબુભાઈ રાવલીયા પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં. ૪૮૭૮ તા. ૧૧/૮/૨૦૧૭ ના રોજ વેચાણ આપેલ છે જે સીટી સર્વે પ્રોપર્ટીકાર્ડમાં નામ ચડાવવા અરજી કરેલ.

ત્યારબાદ જામનગર મહાનગર પાલિકામાંથી મંજુર થયેલ બાંધકામના લે-આઉટ પ્લાન મુજબ "શિવમ" નામના બહુમાળી બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં પાર્કીંગ તથા ફર્સ્ટ થી ફીફથ ફ્લોર સુધીમાં પંદર(૧૫) રહેણાંકના ફ્લેટો બનાવવાનું કામ હંસાબેન જેરાજભાઈ ઘેટીયા W/o, બાલકૃષ્ણ વિરજીભાઈ બાથાણી એ હાથ ધરેલ છે.

આમ, ઉપરોકત વિગતો અને ચકાસણીના આધારે અમો એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે, સદરહુ મિલકતના ટાઈટલ કલીયર, માર્કેટેબલ તેમજ કોઈપણ પ્રકારની ગંભીર ખામી કે વ્યાજબી શંકાઓથી રહીત છે.

જામનગર

તા. ૫/૯/૧૭

દિલીપ જી. ભોજાણી

(એડવોકેટ)

# DILIP G. BHOJANI

B Com., L L.B., D. L L.P. (Advocate)

'Krishna', Opp. Haria School, Indira Marg, Jamngar. (Ph. 2711755)


DILIP G. BHOJANI ADVOCATE

અમારા આ અભિપ્રાયના સમર્થનમાં અમોએ નીચે મુજબના કાગળો/ દસ્તાવેજો તપાસેલ છે અને જોયેલ છે.

૧. ગામ નમુના નં. ૬, ૭/૧૨ તથા ૮–અ ની ઝેરોક્ષ નકલો.

૨. ડેપ્યુટી કલેકટરશ્રી, જામનગરના બીનખેતી સબંધેના હુકમ નં. ડીસીજે/બીનખેતી/ રજી.૪૪/૧૯૬૩ તા. ૧/૧૨/૧૯૬૪ ના રોજના હુકમ તથા મંજુર થયેલ લે–આઉટ પ્લાનની ઝેરોક્ષ નકલ.

૩. શાંતિલાલ ઘેલાભાઈના નામની કલેકટરશ્રી, જામનગરે ઈસ્યુ કરેલ બીનખેતી સનદની ઝેરોક્ષ નકલ.

૪. સરલાબેન જશવંતરાય જોગ શાંતિલાલ ઘેલાભાઈ વિગેરેએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૨૨૫ તા. ૨૨/૬/૧૯૬૭ ના રોજ ની ખરી નકલની ઝેરોક્ષ નકલ.

૫. બાલકૃષ્ણ ગોરધનદાસ શાસ્ત્રી વિગેરે જોગ સરલાબેન જશવંતરાયે કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૬૮૮ તા. ૨૨/૩/૧૯૭૨ ના રોજની ઝેરોક્ષ નકલ.

૬. બાલકૃષ્ણ ગોરધનદાસ શાસ્ત્રી તથા પ્રાણવલ્લભ ગોરધનદાસ શાસ્ત્રી વચ્ચે કરવામાં આવેલ રજી. વહેંચણી દસ્તાવેજ નં. ૨૨૪૯ તા. ૨૮/૬/૧૯૮૪ ના રોજની ઝેરોક્ષ નકલ.

૭. કેશવજીભાઈ મનજીભાઈ ભંડેરી જોગ બાલકૃષ્ણ ગોરધનદાસ શાસ્ત્રીએ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૪૫૮૭ તા. ૧૯/૧૨/૮૯ ના રોજની ઝેરોક્ષ નકલ.

# DILIP G. BHOJANI

B Com., L L.B., D. L L.P. (Advocate)

'Krishna', Opp. Haria School, Indira Marg, Jamngar. (Ph. 2711755)

DILIP G. BHOJANI ADVOCATE

૮. દવુભાઈ બાબુભાઈ રાવલીયા જોગ કેશવજીભાઈ મનજીભાઈ ભંડેરી એ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૩૪૦૯ તા. ૬/૫/૨૦૧૪ ના રોજની ઝેરોક્ષ નકલ.

૯. દવુભાઈ બાબુભાઈ રાવલીયા જોગ પ્રાણવલ્લભ ગોરધનદાસ શાસ્ત્રી એ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૩૩૩૧ તા. ૩/૫/૨૦૧૪ ના રોજની ઝેરોક્ષ નકલ.

૧૦. જામનગર મહાનગર પાલિકાએ ઈસ્યુ કરેલ એમલગેશનનો હુકમ તથા પ્લાન ની ઝેરોક્ષ નકલ.

૧૧. દવુભાઈ બાબુભાઈ રાવલીયા જોગ સીટી સર્વે પ્રોપર્ટીકાર્ડની નકલ.

૧૨. જામનગર મહાનગર પાલિકાએ આપેલ વિકાસ કાર્યની મંજુરી નં. ૦૨૮૬૪૮ તા. ૧૬/૯/૧૪ ના રોજનો હુકમ તથા પ્લાનની ઝેરોક્ષ નકલ.

૧૩. હંસાબેન જેરાજભાઈ ઘેટીયા W/o, બાલકૃષ્ણ વિરજીભાઈ બાથાણી જોગ દવુભાઈ બાબુભાઈ રાવલીયા એ કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૪૮૭૮ તા. ૧૧/૮/૨૦૧૭ ના રોજની ઝેરોક્ષ નકલ.

૧૪. હંસાબેન જેરાજભાઈ ઘેટીયા W/o, બાલકૃષ્ણ વિરજીભાઈ બાથાણી જોગ સીટી સર્વે પ્રોપર્ટીકાર્ડ માં નામ ટ્રાન્સફર માટે કરેલ અરજી ની નકલ.

૧૫. છેલ્લો હાઉસ ટેક્ષ ભર્યા ની પહોંચ.

૧૬. સબ-રજીસ્ટ્રાર કચેરીમાંથી મેળવેલ સર્ચની પહોંચ.



Bhojani

# DILIP G. BHOJANI

B Com., L L.B., D. L L.P. (Advocate)

'Krishna', Opp. Haria School, Indira Marg, Jamngar. (Ph. 2711755)

ઉપરોકત વ્યવહારો તથા અમારી સમક્ષ રજુ થયેલ ઉપરોકત માલિકી હકક દર્શક કાગળો/દસ્તાવેજો જોતા સદરહુ મિલકતના હંસાબેન જેરાજભાઈ ઘેટીયા W/o, બાલકૃષ્ણ વિરજીભાઈ બાથાણી ની માલિક, મુખત્યાર અને કબજેદાર હોવાનું તથા સદરહુ મિલકતના ટાઈટલ માર્કેટેબલ, કલીયર, બોજારહીત તેમજ લોનેબલ હોવાનું જણાય છે તેવો અમારો સ્પષ્ટ અભિપ્રાય થાય છે.

જામનગર

તા. ૨૮/૯/૧૭

દિલીપ જી. ભોજાણી

(એડવોકેટ)